જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૩૦/૦૯/૨૦૨૩ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૧૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૪૦૫ લીટર દેશી દારૂ, ૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ રિક્ષા, ૨ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૧૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૧૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૬૧૪/૨૦૨૩

**સાયબર ક્રાઇમઃ** અવનીબહેન વા/ઓ જીગરકુમાર ઝવેરી (ઉ.વ.૪૭)(રહે.સંમેત એપાર્ટમેન્ટ, જૈનનગર સોસાયટી, વીર પેથોલોજી લેબની બાજુમાં, પાલડી) એ તા.૨૯/૦૯/૨૦૨૩ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૯/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૯૮૮૯૭૮૭૬૭૭ ના ધારકે અવનીબહેનના મોબાઈલ ઉપર ફોન કરી આઈસીઆઈસીઆઈ બેંકમાંથી રાહુલ વાત કરતા હોવાની ઓળખ આપી અવનીબહેનના આઈસીઆઈસીઆઈ બેંકના ક્રેડીટકાર્ડનો ચાર્જ ભરવાનુ જણાવી તેમજ ચાર્જ નહી ભરવા સારૂ ક્રેડીટકાર્ડ બંધ કરવા સારૂ પ્રોસેસ સમજાવી ક્રેડીટકાર્ડ બંધ કરવા અવનીબહેનના મોબાઈલમાં ઓટીપી કોડ મોકલી તેમના મોબાઇલમાં આવેલ ઓટીપી મેળવી લઈ અવનીબહેનના બેંક ક્રેડીટ કાર્ડમાંથી જુદા-જુદા ટ્રાન્જેકશન કરી કુલ રૂપિયા ૫,૦૨,૯૭૭/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

**નિકોલ**ઃ રાજેશભાઇ નરશીભાઇ જાવીયા (ઉ.વ.૫૫)(રહે.પુષ્પરાજ બંગ્લોઝ, ગંગોત્રી સર્કલ પાસે, નવા નિકોલ) એ તા.૨૯/૦૯/૨૦૨૩ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે રાજેશભાઇ જાવીયા કઠવાડા જી.આઇ.ડી.સી.રોડ નંબર-૪ પ્લોટ નંબર-૨૯૦ "ઉમિયા ઇલાસ્ટીક વર્કસ" ખાતે ઇલાસ્ટીકના માલનો વેપાર ધંધો કરતા હોઈ માહે જુન/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ભરતભાઇ હીરાભાઇ ઢીલા (રહે. કેસરી નિવાસ, બાધુ ગલી, વરસોવા, અંધેરી-વેસ્ટ, મુંબઇ, મહારાષ્ટ્ર) એ ઇલાસ્ટીકના માલ મંગાવતા રાજેશભાઇ જાવીયાએ ઇલાસ્ટીકનો માલ મોકલી આપતા ઇલાસ્ટીકના માલના કુલ રૂપિયા ૩,૩૬,૯૨૬/- નહીં ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.શિયાળ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૬૧૫/૨૦૨૩**

**દાણીલીમડા**ઃ સરફરાઝ ઉસ્માનગની રંગરેજ (રહે.મુગલપાર્ક સોસાયટી, રસુલાબાદ, શાહઆલમ) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૯/૨૦૨૩ રાતના ૮/૩૦ થી તા.૨૯/૦૯/૨૦૨૩ કલાક ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન દાણીલીમડા સુએઝ ફાર્મ રોડ, સાગર ઓટો હબ સામે "મેટ્રો સબમર્શીબલ" નામની વોટરપંપ રીપેરીંગની સરફરાઝ રંગરેજની દુકાન પાછળની દીવાલમાં બાકોરૂ પાડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી વાયરના બંડલ નંગ-૪ કિમત રૂપિયા ૫૬,૦૦૦/-, અલગ-અલગ સાઈઝના ગન મેટલ બુશ નંગ-૧૫૦ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- તથા જુના વાયરીંગનો ભંગાર કિમત રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.બલાત ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૬૧૬/૨૦૨૩**

**વટવા**ઃ સંદેશકુમાર સ/ઓ શોભનબૈઠા રજક (ઉ.વ.૨૨)(રહે.વોર્ડ નંબર-૦૮ ગામ-સપહી પોસ્ટ-સીલીદાગ થાના-રમના જી-ગરહાવ રાજય-ઝારખંડ) તા.૨૯/૦૯/૨૦૨૩ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે વિઝોલ ક્રોસીંગ પાસે બુલેટ ટ્રેનના પિલ્લર ઉપર ક્રેનની લીફ્ટમાં બેસી ટેપર પ્લેટ ખોલી રહ્યા હતા ત્યારે ટ્રેનની લીફ્ટ ૬૦ ફુટની ઉંચાઈથી નીચે પડી જતા સંદેશકુમારને માથામાં ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લાઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી એ.આઈ.રાઠોડ ચલાવે છે.

**ઝેરી જીવજંતુ કરડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૬૧૭/૨૦૨૩**

**નારોલ**ઃ મોહમદનવાજ મોહમદશરીફ શેખ (ઉ.વ.૧૩)(રહે.નુરનગર હાઉસીંગ બોર્ડ હીલપાર્ક સામે નવા પુષ્કર પાસે, વટવા કેનાલ રોડ, નારોલ) ને તા.૨૯/૦૯/૨૦૨૩ કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે હાથ ઉપર ઝેરી જીવજંતુ કરડી જતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સવારના ૬/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એ.ધાસુરા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૧૮/૨૦૨૩**

**માધવપુરાઃ** લાલાભાઇ કસ્તુરભાઇ દંતાણી (ઉ.વ.૩૩)(રહે.અહેમદહુસેનની ચાલી પાણીની ટાંકી પાસે દુધેશ્વર માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૯/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પતરાના શેડની લોખંડની પાઇપ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ ગોરાભાઇ ચલાવે છે.

**સરદારનગરઃ** રાજુભાઇ ગૌતમભાઇ ખીહોરી (ઉ.વ.૩૬)(રહે.વાલ્મીકી આવાસ યોજનાની બાજુમાં જલાભાઇ રબારીના ખુલ્લા પ્લોટમાં કાચા છાપરાંમાં સુભાષનગર નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૯/૨૦૨૩ રાતના ૯/૦૦ થી તા.૨૯/૦૯/૨૦૨૩ કલાક ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બાબુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી